# Gujarat Samachar

**Edition:** Vadodara | **Date:** 15th February, 2013 | **Page No.:** 02

વીસીસીઆઈના ૮મા મેગા એક્ઝીબીશનમાં મહેસૂલ મંત્રીની જાહેરાત

# વડોદરામાં ૫૬ હેક્ટર જમીન પર ઉદ્યોગો માટે નવુ એક્ઝીબીશન સેન્ટર બનશે

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,ગુરુવાર

વડોદરામાં કાયમી ઔદ્યોગિક પ્રદર્શન કેન્દ્ર બની શકે તે માટે સેવાસી ખાતે ૫૬ હેક્ટર જમીન અનામત રાખવામાં આવી છે તેવી જાહેરાત આજે મહેસૂલ મંત્રીએ વીસીસીઆઈના ઔદ્યોગિક પ્રદર્શનના ઉદ્‌ઘાટનમાં કરી હતી.

## સરકારી વિભાગોમાં ભ્રષ્ટાચારમુક્ત વહીવટ માટે સીસીટીવી કેમેરા લાગશે:કોર્પોરેશનમાં મહેસૂલ મત્રીની બેઠકમાં જાહેરાત : વહો વિશ્વામીત્રી પ્રોજેક્ટ માટે પણ બેઠક

ગુજરાતનુ સૌથી મોટુ ગણાતુ વીસીસીઆઈનુ ૮મુ ઔદ્યોગિક પ્રદર્શન આજથી શરુ થયુ હતુ.તા ૧૮ સુધી ચાલનાંરા પ્રદર્શનમાં ૫૦૦ કરતા વધારે સ્ટોલ્સ છે.જેના ઉદ્‌ઘાટન સમારોહમાં મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલ હાજર રહ્યા હતા.તેમણે કહ્યુ હતુ કે વીસીસીઆઈ દ્વારા કાયમી ઔદ્યોગિક પ્રદર્શન માટે જમીન ફાળવવાની રજુઆત થઈ છે ત્યારે એ જણાવવુ જરૂરી છે કે વુડા દ્વારા સેવાસી પાસે ૫૬ હેક્ટર જમીન ઔદ્યોગિક પ્રદર્શન માટેનુ કાયમી માળખુ ઉભુ કરવા માટે રાખવામાં આવી છે.ઉદ્યોગ સંગઠનો સબંધિત વિભાગો સાથે વધારે ચર્ચા વિચારણા કરીને આગળની નીતિ નક્કી કરી શકે છે.

તેમણે કહ્યુ હતુ કે ઉદ્યોગોની મદદથી સરકાર છેલ્લા એક વર્ષમાં ૧.૩૦ લાખ રોજગારી આપવામાં સફળ થઈ છે.હવે ઉદ્યોગોએ ગુજરાતમાં કુપોષણ સામેના અભિયાનમાં અને બેટી બચાવો અભિયાનમાં પણ જોડાવુ જોઈએ.આ બે સમસ્યાઓ પર સમાજે ધ્યાન આપવાની જરૂર છે.મહિલાઓને ધ્યાનમાં રાખીને સાણંદ ખાતે રાજ્ય સરકારે મહિલા જીઆઈડીસી ઉભી કરવાનો નિર્ણય કર્યો છે. વીસીસીઆઈના ઉદ્‌ઘાટનમાં આવેલા મહેસૂલ મંત્રીએ એ બાદ કોર્પોરેશનમાં પણ બેઠક યોજી હતી.જેમાં તેમણે જાહેરાત કરી હતી કે સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચારમુક્ત વહીવટ માટે સમગ્ર રાજ્યોના વિવિધ વિભાગોમાં સીસીટીવી કેમેરા મુકવામાં આવશે.કોર્પોરેશનની વિવિધ યોજનાની સમીક્ષાઓ કરી હતી.

વડોદરાની વિશ્વામીત્રી નદીને પુર્નજીવીત કરવાના વહો વિશ્વામીત્રી પ્રોજેક્ટ માટેની બેઠકમાં પણ મહેસૂલ મંત્રીએ ભાગ લીધો હતો.આ પ્રોજેક્ટમાં પાવાગઢથી લઈને ભરૂચ સુધીના નદીના વહેણ વિસ્તારમાં ૯ જેટલા ચેકડેમ બનાવાશે તથા કિનારા પર આવેલા ૧૪ જેટલા મંદિરોનો પમ જીર્ણોધ્ધાર કરવામાં આવશે તેમ આ બેઠકમાં ચર્ચા થઈ હતી.